Fullerton India
Rishta Sammaan Ka

# વન ટાઈમ લોન રિસ્ટ્રક્ચરીંગ અંગે સવાલ જવાબ (ગુજરાતી)

## ૧. આરબીઆઈ દ્વારા મંજૂર કરવામાં આવેલી લોન રિસ્ટ્રક્ચરીંગ યોજના શું છે? આ રેઝોલ્યુશન ફ્રેમવર્કનો હેતુ શું છે?

કોવિડ-૧૯ રોગચાળા અને તેને કારણે ઉભી થયેલી આર્થિક મુશ્કેલીઓના પરિણામે, દેશભરના લાખો લોકો કે જેમણે લોન ઉપર નાણાં લીધા છે, તેમના માટે આરબીઆઈએ ચોક્કસ યોજનાઓનાં અમલીકરણ માટે બેંકો અને અન્ય ધિરાણ સંસ્થાઓને એક માળખું પૂરું પાડ્યું છે. આ માળખાનો ઉદ્દેશ્ય એવા લોનધારકોને રાહત આપવાનો છે કે, જેમણે કોવિડ-૧૯ રોગચાળાને પરિણામે આર્થિક નુકશાની વેઠવી પડી છે.

આ માળખા અને તેની નિયમનકારી માર્ગદર્શિકાના આધારે ફુલર્ટન ઇન્ડિયાએ કોવિડ-૧૯ રોગચાળા દ્વારા આર્થિક રીતે અસરગ્રસ્ત વ્યક્તિઓ અને કંપનીઓ દ્વારા લેવામાં આવેલા લોન રિસ્ટ્રક્ચરીંગ માટેની નીતિ ઘડી છે.

KYONKI DIL NAHI SUNTA,
HUM AAPKI SUNTE HAIN.
#RishtaSammaanKa

## ૨. લોન રિસ્ટ્રક્ચરીંગ માટે કોણ પાત્ર છે?

લોન રિસ્ટ્રક્ચરીંગ માટેની પાત્રતા માટેના મૂળભૂત માપદંડ નીચે પ્રમાણે છે:

૧. અરજદારની ઈ.એમ.આઈ/વ્યાજની છેલ્લી ચુકવણી ૧ માર્ચ, ૨૦૨૦નાં રોજ ૩૦ દિવસથી પહેલાની ન હોવી જોઈએ.બેન્કો અને એનબીએફસી પાસેથી રૂ.૨૫ કરોડથી ઓછા રકમની એમએસએમઈ માટેની લોન લેનાર માટે ઉપરોક્ત સમયગાળો ૮૯ દિવસનો છે.

૨. અરજદારને કોવિડ-૧૯ રોગચાળાને કારણે નુકસાન અથવા આવક/રોકડના પ્રવાહમાં ઘટાડો થવાને કારણે આર્થિક અસર થઈ હોવી જોઇએ.

<u>ખાસ નોંધ:</u>

૧. ફુલર્ટન ઇન્ડિયા દ્વારા લોન લેનાર દ્વારા પૂરાં પાડવામાં આવેલા સહાયક દસ્તાવેજોના આધારે, આવકના ઘટાડા અને તેની અરજદાર પર થયેલી નાણાંકીય અસરની સમીક્ષા કરવામાં આવશે.

૨. ફુલર્ટન ઇન્ડિયા ત્યારબાદ પ્રસ્તાવને મંજૂરી આપતા પહેલા કરવામાં આવેલી ચર્ચાઓ અને આકારણીના આધારે સુધારેલા ઈએમઆઈ/વ્યાજની ચુકવણી ફરી શરૂ કરવામાં સક્ષમ થવા માટેની અરજદારની ક્ષમતાનું પુનઃમૂલ્યાંકન કરશે.

3. ફુલર્ટન ઇન્ડિયા અરજદારના ચુકવણીના પહેલાના રેકોર્ડ્સ અને માર્ચથી ઓગસ્ટ, ૨૦૨૦ની વચ્ચે આરબીઆઇના મોરેટોરીયમ વખતે આપવામાં આવેલી પ્રતિક્રિયાઓ પર પણ વિચાર કરશે.

## ૩. શું મારે લોન રિસ્ટ્રક્ચરીંગનો વિકલ્પ પસંદ કરવો જોઈએ?

જો તમે આવકના નવા સ્રોત શોધીને અથવા તમારા ખર્ચનું નિયમન કરીને તમારા માસિક ઈએમઆઈ ચૂકવી શકો છો, તો અમે તમને ભારપૂર્વક સલાહ આપીશું કે, તમે આ સ્કીમનો વિકલ્પ પસંદ ન કરો.

કારણ કે, લોન રિસ્ટ્રક્ચરીંગને કારણે નીચે પ્રમાણેની અસર થશે:

૧. તમારી પાસે વધારાની લોન રિસ્ટ્રક્ચરીંગ ફી વસૂલવામાં આવી શકે છે, જે તમારા મૂળ ખર્ચમાં ઉમેરો કરે છે.

૨. કુલ ચૂકવવાપાત્ર વ્યાજમાં વધારો થશે, જેનાથી તમારી લોન વધુ ખર્ચાળ બને છે.

## ૪. લોન રિસ્ટ્રક્ચરીંગ યોજના મારી લોનને કેવી અસર કરશે?

જો આપની લોન રિસ્ટ્રક્ચરીંગની અરજી સ્વીકારાય છે તો, નીચેનામાંથી એક અથવા વધુ ફેરફારો લાગુ થઈ શકે છે:

KYONKI DIL AAPKI
NAHI SUNTA,
HUM AAPKI SUNTE
#RishtaSammaanKa

૧. આપની માસિક ઈએમઆઈ રકમ ઓછી થઈ શકે છે, જેના દ્વારા માસિક ચુકવણીની પ્રતિબદ્ધતામાં ઘટાડો થશે.

૨. આપની કુલ મુદત વધશે, જે દરમિયાન આપની બાકીની લોન ચૂકવી શકાય છે. જો કે, એ જરૂરથી નોંધશો કે, ચુકવણી મોકૂફીની મુદત સાથે અથવા તેના વીના, લોનની બાકીની મુદતનું મોરેટોરીયમ ૨ વર્ષ સુધીના સમયગાળા સુધી જ હશે.

૩. લોનના કાર્યકાળમાં ચૂકવવાપાત્ર તમારું કુલ વ્યાજ વધશે.

## ૫. જો હું મારા માસિક ઈએમઆઈની ચુકવણી ના કરું તો મારું લોન રિસ્ટ્રક્ચરીંગ આપમેળે થશે?

ના. જો તમે આ યોજના માટે અરજી ના કરો અથવા જો આપની અરજી નામંજૂર થઈ જાય, તો આપને લોન ઈએમઆઈનાં સમય મુજબ જ આપના ઈએમઆઈની ચૂકવણી કરવાની રહેશે. આવું કરવામાં જો તમે મોડા પડશો અથવા નહીં ચૂકવો તો તેને ડિફોલ્ટ માનવામાં આવશે તથા પેનલ્ટી/બાઉન્સ ચાર્જ લાગી શકે છે.

## ૬. અત્યારે મારી આવક પર કોઈ અસર થઈ નથી પરંતુ તે ભવિષ્યમાં થઈ શકે છે, તો શું હું લોન રિસ્ટ્રક્ચરીંગ માટે અરજી કરી શકું છું?

આપ લોન રિસ્ટ્રક્ચરીંગ માટે અરજી કરી શકો છો. પરંતુ, અમે ઉપર જણાવેલ માપદંડો તેમજ લોનની લાયકાત વિગેરે જેવા અન્ય પરિબળોના આધારે આપની અરજીનું મૂલ્યાંકન કરીશું અને

પછી આપને જણાવીશું કે, આપની લોન રિસ્ટ્રક્ચરીંગની અરજી ફુલર્ટન ઇન્ડિયાની નીતિની આવશ્યકતાને પૂર્ણ કરે છે કે નહીં.

## ૭. ફુલર્ટન ઇન્ડિયાનાં કયા ઉત્પાદનો લોન રિસ્ટ્રક્ચરીંગ માટે પાત્ર છે?

ફુલર્ટન ઇન્ડિયાનાં નીચે જણાવેલ ઉત્પાદનો આ યોજના માટે પાત્ર છે:

૧. સિક્યોરિટીઝ સામે લોન

૨. સંપત્તિ સામે લોન

૩. વ્યક્તિગત (પર્સનલ) લોન

૪. ટુ-વ્હીલર લોન

૫. કોમર્શિયલ વાહન લોન

૬. બિઝનેસ લોન

૭. એમએસએમઇ લોન/સિક્યોર્ડ બિઝનેસ લોન

૮. હોમ લોન

KYONKI DIL AAPKI
NAHI SUNTA
HUM AAPKI SUNTE HAIN.
#RishtaSammaanKa

*આ યોજના માટે આરબીઆઇ દ્વારા આપવામાં આવેલા નિર્દેશ અને માર્ગદર્શિકા અનુસાર ઉત્પાદનોને રિસ્ટ્રક્ચરીંગ માટે ધ્યાનમાં લેવામાં આવશે.

## ૮. લોન રિસ્ટ્રક્ચરીંગ યોજના માટે કેવી રીતે અરજી કરવી?

લોન રિસ્ટ્રક્ચરીંગ યોજના માટે અરજી કરવા માટે, નીચે આપેલા પગલાંઓને અનુસરો.

૧. પેજની ટોચ પર ‘કોન્ટેક્ટ અસ’ વિભાગ પર ક્લિક કરો.

૨. ‘એક્ઝીસ્ટીંગ કસ્ટમર’ વિકલ્પ પસંદ કરો અને આપની વિગતો જેમ કે; લેન આઈડી, મોબાઈલ નંબર વિગેરે દાખલ કરો.

૩. ‘નેચર ઓફ ક્વેરી/રીક્વેસ્ટ/કમ્પલેંટ્સ’ ડ્રોપડાઉન મેનુમાંથી ‘વન ટાઇમ લોન રિસ્ટ્રક્ચરીંગ’ વિકલ્પ પસંદ કરો.

૪. હવે, ‘મોર ડીટેઈલ્સ’ ડ્રોપડાઉન મેનુમાંથી ‘વન ટાઇમ લોન રિસ્ટ્રક્ચરીંગ’ વિકલ્પ પસંદ કરો.

૫. ત્યારબાદ આપને અમુક ચોક્કસ માહિતી પ્રદાન કરવાનું કહેવામાં આવશે. જેમ કે, આપની રોજગારની પ્રવૃત્તિ, રોગચાળાને કારણે તમને કયા પ્રકારની આર્થિક અસરોનો સામનો કરવો પડ્યો (અથવા સામનો કરી રહ્યા છો), તથા અન્ય વધુ જરૂરી માહિતી.

૬. ઉપરોક્ત માહિતી શક્ય તેટલી કાળજીપૂર્વક અને સચોટપણે દાખલ કરો. આપ અહીં જે માહિતી પ્રદાન કરો છો તેના આધારે આપની અરજીનું મૂલ્યાંકન આગળની પ્રક્રિયા માટે કરવામાં આવશે.

૭. એકવાર આપ બધી જ આવશ્યક વિગતો દાખલ કરી લો અને તેને બરોબર ચકાસી લો, પછી ‘સબમિટ’ પર ક્લિક કરો.

૮. જો આપની અરજી અમારી નીતિ અનુસાર લાયક માનવામાં આવશે, તો આપને આગળનાં પગલાઓ સંબંધિત અમારા પ્રતિનિધિનો કોલ મળશે.

ખાસ નોંધ એ લેશો કે, જરૂરી દસ્તાવેજો રજૂ કર્યા પછી અને ત્યારબાદની ચકાસણી પછીની અંતિમ યોગ્યતા ફુલર્ટન ઇન્ડિયા દ્વારા નક્કી કરવામાં આવશે.

## ૯. લોન રિસ્ટ્રક્ચરીંગ માટે કયા દસ્તાવેજો જરૂરી છે?

લોન રિસ્ટ્રક્ચરીંગ માટેના દસ્તાવેજોની સૂચિ નીચે પ્રમાણે છે:

<u>પગારદાર લોન લેનારાઓ માટે:</u>

૧. છેલ્લા છ માસની સેલરી સ્લીપ તથા બેંક સ્ટેટમેન્ટ

૨. સહ અરજદારોના કિસ્સામાં, તમામ પક્ષોના દસ્તાવેજો જરૂરી

૩. છેલ્લા ૬ માસનાં બેંક સ્ટેટમેન્ટ્સ

KYONKI DIL AAPKI
NAHI SUNTA,
HUM AAPKI SUNTE HAIN.
#RishtaSammaanKa

<u>સ્વરોજગાર લોન લેનારા/એકમો માટે:</u>

૧. છેલ્લા ૧૨ માસનાં બેંક સ્ટેટમેન્ટ્સ

૨. જી.એસ.ટી રિટર્ન્સ

૩. આવકવેરા રિટર્ન્સ

૪. ઉદયમનું પ્રમાણપત્ર

૫. એકથી વધુ અરજદારો/એકમોના કિસ્સામાં, બધા સંબંધિત પક્ષોના દસ્તાવેજો આવશ્યક રહેશે.

સિક્યોર્ડ લોનના કિસ્સામાં, રિસ્ટ્રક્ચરીંગ સમયે લોનની રકમ પર આધાર રાખીને જો કોઈ વધારાના આનુષંગિક દસ્તાવેજોની જરૂર જણાશે, તો તે દસ્તાવેજો પણ માંગવામાં આવશે.

ખાસ નોંધ લેવી કે, આ સૂચિ માત્ર એક સૂચક તરીકે છે. અન્ય વિવિધ પરિબળોને આધારે વધારાના દસ્તાવેજ પૂરાં પાડવાની વિનંતી પણ અરજદારને કરી શકાય છે.

## ૧૦. મારી ક્રેડીટ હિસ્ટ્રી પર લોન રિસ્ટ્રક્ચરીંગની અસર શું થઇ શકે છે?

નિયમનકારી માર્ગદર્શિકા મુજબ, આપની લોન/ક્રેડિટ સુવિધા વિષે ક્રેડિટ બ્યુરોને "રીસ્ટ્રક્ચર્ડ" તરીકે જાણ કરવામાં આવશે.

## ૧૧. મારી પાસે ફુલર્ટન ઇન્ડિયાની એક કરતાં વધુ લોન છે. તો મારે લોન રિસ્ટ્રક્ચરીંગ માટે માત્ર એક જ વાર અરજી કરવી જોઈએ કે દરેક લોન માટે અલગથી અરજી કરવી પડશે?

જો આપની પાસે એક કરતાં વધુ લોન છે, તો આપને દરેક લોન માટે અલગથી અરજી કરવાની રહેશે.

## ૧૨. હું સ્વરોજગારી/ એક નાના સાહસવાળું એમએસએમઈ ધરાવું છું. શું હું લોન રિસ્ટ્રક્ચરીંગ માટે પાત્ર છું?

નીચે આપેલ કોષ્ટકમાં ભારત સરકાર મુજબ એમએસએમઈ કંપનીઓની સુધારેલી વ્યાખ્યા આપવામાં આવી છે.

KYONKI DIL AAPKI NAHI SUNTA, HUM AAPKI SUNTE HAIN #RishtaSammaanKa

| વર્ગીકરણ | સંયુક્ત માપદંડ | માઇક્રો (રૂ.) | નાનું (રૂ.) | મધ્યમ (રૂ.) |
|---|---|---|---|---|
| એમએસએમઈ માઇક્રો, નાના અને મધ્યમ ઉદ્યોગો | પ્લાન્ટ તથા મશીનરી અથવા સાધનોમાં રોકાણ આ કિંમત કરતાં વધુ નહીં. | 1 કરોડ | 10 કરોડ | 50 કરોડ |
| | વાર્ષિક ટર્નઓવર આ કિંમત કરતાં વધુ નહીં. | 5 કરોડ | 50 કરોડ | 250 કરોડ |

ભારત સરકાર દ્વારા જાહેર કરાયેલા, સુધારેલ એમએસએમઈ વર્ગીકરણ મુજબ એમએસએમઈ કેટેગરી હેઠળ આવતા સ્વ-રોજગારી વ્યક્તિઓ/ સંસ્થાઓ એમએસએમઈ લોન રિસ્ટ્રક્ચરીંગ હેઠળ રાહત માટે અરજી કરી શકે છે જેઓએ બેન્કો અને એનબીએફસીના ૧ માર્ચ, ૨૦૨૦ સુધી ૨૫ કરોડ થી વધુ ના હોય તેવા બિન-ભંડોળ આધારિત લોન લીધેલ હોય.

વધુ વિગતો માટે કૃપા કરીને આપની નજીકની ફુલર્ટન ઇન્ડિયા શાખા અથવા રીલેશનશીપ મેનેજરનો સંપર્ક કરો.

ફુલર્ટન ઈન્ડિયા, અમારા સ્વ-રોજગારી ગ્રાહકોને વહેલી તકે સરકારના ઉદ્યમ પોર્ટલ દ્વારા પોતાની એમએસએમઈ તરીકે નોંધણી કરવાની સલાહ આપે છે.

## ૧૩. મેં માર્ચ-ઓગસ્ટ, ૨૦૨૦ ની વચ્ચે મોરેટોરીયમ લીધું ન હતું. હવે હું લોન રિસ્ટ્રક્ચરીંગ યોજના માટે અરજી કરી શકું?

આપ લોન રિસ્ટ્રક્ચરીંગ માટે અરજી કરી શકો છો.પરંતુ, અમે ઉપર જણાવેલ માપદંડો તેમજ ક્રેડિટ લાયકાત વગેરે જેવા અન્ય પરિબળોને આધારે આપની અરજીનું મૂલ્યાંકન કરીને આપને જણાવીશું કે, આપની લોન રિસ્ટ્રક્ચરીંગની અરજી પર આગળ પ્રક્રિયા થઈ શકે કે નહીં.

## ૧૪. મારી લોન સહ લેણદાર સાથે લેવામાં આવી હતી. શું મૂળ લોન કરારના બધા સહ લેણદારોને સુધારેલા રિસ્ટ્રક્ચરીંગ કરાર પર હસ્તાક્ષર કરવાની જરૂર રહેશે?

નિયમનકારી અને કાનૂની આવશ્યકતાઓ મુજબ મૂળ લોનના તમામ લેણદાર/સહ લેણદારોએ રિસ્ટ્રક્ચરીંગ કરાર સહિત લોનનાં માળખામાં કોઈપણ ફેરફારો પર સહમત હોવા તથા સહી કરવાની જરૂર છે.

## ૧૫. કયા પ્રકારની લોન રિસ્ટ્રક્ચરીંગ માટે પાત્ર નથી?

નીચેના પ્રકારની લોન રિસ્ટ્રક્ચરીંગ માટે પાત્ર નથી:

૧. કૃષિ હેતુઓ માટે વ્યક્તિઓ/કંપનીઓને મળેલી લોન અને ફુલર્ટન ઇન્ડિયા દ્વારા કૃષિ લોન્સ અંતર્ગત વર્ગીકૃત કરવામાં આવેલી લોન.

૨. કૃષિ ધિરાણ મંડળીઓ, નાણાકીય સેવા પ્રદાતાઓ તેમજ કેન્દ્ર, રાજ્ય અને સ્થાનિક સરકારી સંસ્થાઓ તથા ફુલર્ટન ઇન્ડિયાના કર્મચારીઓને આપવામાં આવતી લોન.

૩. હાઉસિંગ ફાઇનાન્સ કંપનીઓના સંપર્કમાં આવેલા ખાતાઓ જે ૧ માર્ચ,૨૦૨૦ પછી ફરીથી શેડ્યૂલ કરવામાં આવ્યા છે.

૪. વ્યાપારી ઉપયોગ માટે અપાયેલી લોન ઉપરના મુદ્દામાં સમજાવાયેલ એમએસએમઈ માર્ગદર્શિકા હેઠળ રાહતનો દાવો કરી શકશે.

## ૧૬. લોન રિસ્ટ્રક્ચરીંગ યોજના અંતર્ગત અરજી કરવાની છેલ્લી તારીખ કઈ છે?

જો આપ લોન રિસ્ટ્રક્ચરીંગ માટે અરજી કરવા માંગતા હો, તો વહેલાસર કરી દેવા વિનંતી કરવામાં આવે છે. કારણ કે, આપની પાત્રતા કોવિડ-૧૯ રોગચાળાના કારણે આપને થયેલ આર્થિક નુકશાનનાં સ્તર પર નિર્ભર રહેશે. ફુલર્ટન ઇન્ડિયા ઉપર જણાવેલ માપદંડો તેમજ અરજીનાં સમયે આ યોજના અંગેની અમારી નીતિના આધારે આપની અરજીનું મૂલ્યાંકન કરશે.

## ૧૭. જો હું મારી લોનનું રિસ્ટ્રક્ચરીંગ કરું તો, ત્યાં કોઈ પ્રોસેસિંગ ફી અથવા શુલ્ક લેવામાં આવશે?

જો આપ આપની લોનનું રિસ્ટ્રક્ચરીંગ કરવાનું પસંદ કરો છો તો, ફુલર્ટન ઇન્ડિયા આપની પાસેથી ફી લઈ શકે છે.

## ૧૮. જો હું લોન રિસ્ટ્રક્ચરીંગ માટે અરજી કરું છું, તો શું મારે હજી માસિક ઈએમઆઈ ચૂકવવા પડશે?

જો આપ લોન રિસ્ટ્રક્ચરીંગની અરજી રજુ કરો છો તો જ્યાં સુધી તે સ્વીકારાય નહીં ત્યાં સુધી આપનાં દ્વારા વર્તમાન શેડ્યૂલ મુજબ આપના માસિક ઈએમઆઈ ચૂકવવા જરૂરી છે. એકવાર આપની લોન રિસ્ટ્રક્ચરીંગની અરજી સ્વીકારી લેવામાં આવે ત્યારબાદ આપ સુધારેલા શેડ્યૂલને અનુસરી શકો છો. એ જરૂર નોંધશો કે વર્તમાન ચુકવણીના સમયપત્રક મુજબના ઈએમઆઈની સમયસર ચુકવણી કરવી જોઇએ. કારણ કે, આ માળખા હેઠળ ઠરાવની માંગણીની તારીખ સુધી એકાઉન્ટ્સને ચોક્કસ ધોરણ તરીકે વર્ગીકૃત કરવામાં આવે છે.

એ પણ નોંધશો કે, જો આપની લોન રિસ્ટ્રક્ચરીંગની અરજીને નકારી કાઢવામાં આવે, તો આપ હાલના શેડ્યૂલ મુજબ જ આપના ઈએમઆઈની ચુકવણી કરશો તેવી અપેક્ષા રાખવામાં આવે છે. કોઈપણ પ્રકારનાં વિલંબ/ડિફોલ્ટથી આપની પાસેથી વધારાનું વ્યાજ વસુલવામાં આવશે જેની આપના ક્રેડિટ સ્કોર પર અસર થશે.

## ૧૯. જો હું અત્યારે મારા ઈએમઆઈ ચૂકવું છું અને રિસ્ટ્રક્ચરીંગ પસંદ ન કરું તો શું થશે? શું હું પછીથી આ સુવિધાનો લાભ લઈ શકું?

જો આપ અત્યારે આપના ઈએમઆઈ ચૂકવી શકો છો તો ફુલર્ટન ઇન્ડિયા આપને આવું કરવા માટે આવકારે છે. પરંતુ એ પણ નોંધી લેશો કે, આ યોજના હેઠળ મળતી રાહત મેળવવા ચોક્કસ તારીખ પહેલાં આપની અરજી રજુ થઈ જવી જરૂરી છે. જો આપની અરજી ઉપર જણાવેલા માપદંડોને પૂર્ણ કરે છે તથા અરજી સાથે તમામ સહાયક દસ્તાવેજો સંપુર્ણ ચકાસણીમાંથી સફળ રીતે પસાર થાય છે તો જ આપની અરજી સ્વીકારવામાં આવશે.

* શરતો લાગુ

** ફોરક્લોઝના શુલ્ક લાગી શકે છે. શરતો લાગુ